કેસ પ્રાપ્તિ તારીખ : ૧૮/૦૧/૨૦૨૨
કેસ દાખલ તારીખ : ૧૮/૦૧/૨૦૨૨
કેસ નિર્ણિત તારીખ : ૨૮/૦૭/૨૦૨૨
અવધી :૦૪–વર્ષ,૦૬–માસ,૨૭ –દિવસ

==================================================

**વેરાવળના મે. એડીશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની**
**કોર્ટ સમક્ષ, મું. વેરાવળ.**

==================================================

**ફોજદારી કેસ નં. ૧૧૬/૨૦૨૨**

**આંક :–**

શ્રી સરકાર.......
(વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૯૨૧૦૦૦૮/૨૦૨૧)

**ફરિયાદી**

**વિરૂધ્ધ**

ભાવેશભાઇ વરજાંગભાઇ છાત્રોડીયા,ઉ.વ.આ.૨૬,
રહે. છાત્રોડા,વાડી વિસ્તાર, ટીંબાવાડી સીમ,
તા.વેરાવળ, જી. ગીર સોમનાથ.

**આરોપી.**

**ગુન્હો :–** જી. પી. એકટની કલમ–૧૨૪ મુજબ...

---

શ્રી સરકાર તરફે :– વિ.ઇ.ચા.એ.પી.પી.શ્રી આઇ. એચ.તુર્ક.
આરોપીઓ તરફે :– વિ.વકીલશ્રી આર.એમ.રામ.,
વિ.વકીલશ્રી એ.આઇ.જીકાણી.

---

**:: ઠરાવ ::**

**(૧)** ફરિયાદ પક્ષના કેસની હકિકત ટુંકમાં એવી છે કે,"પોલીસ સ્ટાફ ખા.વા.ઓમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ક.૯/૩૦ વાગ્યે ટાવરચોક ખાતે આવતા સાથેના પો.સ્ટાફને સંયુકતમાં બાતમીરાહે ચોક્કસ હકીકત મળેલ કે વેરાવળ સીટી પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૯૨૧૦૦૦૮/૨૦૨૧

જી.પી.એકટની કલમ-૧૨૪-મુજબના ગુન્હાના કામેનો આરોપી ભાવેશભાઇ વરજાંગભાઇ છાત્રોડિયા રહે.છાત્રોડા વાડી વિસ્તાર વાળો હાલ વેરાવળ બસ સ્ટેશન પાસે ઉભેલ છે અને તેણે શરીરે કબુતરી કલરનુ જાકીટ તથા બ્લુ પન્ટ પહેરેલ છે તેવી ચોક્કસ બાતમી હકીકત મળતા તેઓએ તુરંત જ આ હકીકતની સાથેના પો. સબ ઇન્સ.શ્રી બી.એન મોઢવાડીયાને સમજ કરતા તેઓએ તુરંત જ બે રાહદારી પંચો બોલાવી પંચો તથા સાથેના પો.સ્ટાફને બાતમી હકીકતની સેમજ કરી ક.૧૦/૦૦ વાગ્યે બાતમી હકીકત વાળી જગ્યાએ આવતા ત્યાં બાતમી હકીકત મુજબના વર્ણન વાળો એક ઇસમ હાજર હોય જેને કોર્ડન કરી લઇ પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ- ભાવેશભાઇ વરજાંગભાઇ છાત્રોડીયા, ઉ.વ.૨૬, ધંધો.ખેતી, રહે. છત્રોડા, વાડી વિસ્તાર, ટીંબા વાડી સીમ, તા.વેરાવળ, જી.ગીર સોમનાથ વાળો હોવાનું જણાવેલ અને મજકુર ઇસમને સદરહું ગુન્હાના કામેના મુદામાલ બાબતે પુછપરછ કરતા મજકુર પોતે આ સામાન છાત્રોડા પોતાના ઘરે રાખેલ હોય જે પોતે સ્વખુશીથી રજુ કરી આપતા જેમાં (૧) એમ.આઇ.સ્માર્ટ વોટર પ્યુરીફાઇ આર.ઓ મોડલ નં.MRB13 કિં. રૂા.૧૪,૯૯૦/- (૨) MI કંપનીનુ XXQ01HN મોડેલનું ટ્રીમર નંગ-૧ કિં. રૂા.૧,૩૯૮/- (૩) Mi કંપનીનુ મોડેલ નં. PDIOIZM મોડેલ નું ૧૦૦૦૦ એમ.એ.એચ.નું પાવર બેન્ક નંગ-૧ કિં.રૂા.૧,૦૯૯/- તથા (૪) એમ.આઇ. 4K ULTRA HD ANDROIED TV 43" મોડલ નં.L43M4-4AIN કિં. રૂા.૨૮,૯૯૯/- (૫) S1000 RR લખેલ લાલ તથા કાળા કલરનુ ઇલેકટ્રીક બાઇક કિં.રૂા.૮૫૦૦/- તથા (૬) આઇફોન 12 મોડલ નં.MGJD3HN/A મોબાઇલ જેના IMEI -1-359458682710212 તથા IMEI-2-359458682676769 કિ.રૂા.૮૯,૯૦૦/- વિગતેનો સામાન રજુ કરેલ જે વેરાવળ સીટી પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૯૨૧૦૦૦૮/૨૦૨૧,જી.પી.એકટ ની કલમ-૧૨૪ મુજબના ગુન્હાના કામેનો મુદામાલ હોય જે ગુન્હાના કામે કબ્જે કરવામાં આવેલ અને મજકુરની અંગ ઝડતી કરતા મજકુર પાસેથી એપ્પલ કંપનીનો આઇફોન-૬ એસ. મોડેલનો જેના IMEI નં.1-355414075758783 સીમ નંબર (વોડાફોન) ૯૫૩૭૮૧૮૩૦૫ કિં.રૂા.આશરે ૫૦૦૦/- મળી આવતા ઉપરોકત ગુન્હાના કામે કબ્જે કરવામાં આવેલ અને મજુકરની પુછપરછ દરમ્યાન પોતે છળકપટથી અન્ય બીજી ચીજ વસ્તુ મેળવેલ

હોય જે રજુ કરતા જેની વિગત આ પ્રમાણે છે, (૧) COMPACT કંપનીનુ મોનીટર 19" HPLEI901W મોડેલનું મોનીટર નંગ-૧, તથા ડેલ કંપનીનું OPTIPLEX 3010 લખેલ સીપીયુ નંગ-૦૧ તથા મર્ક્યુરીનું કિ-બોર્ડ નંગ-૦૧ તથા માઉસ નંગ-૧ મળી કુલ કિં.રૂા.૨૫,૦૦૦/-તથા (૨)એમસ્ટર કંપનીનુ નેકસ્ટ જનરેશન એ/સી મોડેલ નં.AM20I3HC જેની કિં.રૂા.૫૪,૯૯૦/-તથા (૩) એલ.જી.માઇક્રોવેવ ઓવન મોડલ નં.MC2146BG જેની કિં.રૂા.૧૨,૯૯૦/-, તથા એલ.જી.UHD TV 43"મોડલ નં.43UN7190PTA જેની કિં.રૂા.૪૯,૯૯૦/-,તથા VIVO V20 PRO મોબાઇલ જેના IMEI-1- 860688059791831 IMEI-2-860688059791823 કિં.રૂા.૩૦,૦૦૦/- (૪) ગોલ્ડ સ્ટાર બેટરી નંગ-૨ જેમા : મોડેલ નં. GS1500TT Sr. No. 4J20TT00613886 તથા, મોડેલ નં. GS1500TT Sr. No. 4K20TT00618122 લ્યુમીનસ કંપનીનુ ઇન્વેટર મોડેલ નં. ECOWATT+1650/24W 230 વોલ્ટનુ ઇન્વેટર નંગ-૧ જેની કુલ કિ.રૂા.૪૧,૩૫૦/- ,તથા (૫)ઇફફાલ્કન કંપનીનુ એન્ડ્રોઇડ 4K 50" TV મોડલ નં. 50K31, તથા VIVO V20SE મોડેલ V2022 મોબાઇલ જેના MEI-1-864433054012651 MEI-2-864433054012644 જેની કુલ કિ.રૂા.૮૫,૯૯૦/-, તથા (૬) સેમસંગ કંપનીનુ UHD SMART TV 43" મોડેલ નં.UA43T5310AKXXXL/2020 જેની કિ.રૂા.૪૩,૦૦૦/-, તથા (૭) આઇફોન 11 PRO મોડલ નં.SKUMWC62HN/A 64 GB મોબાઇલ જેના MEI-1-358827113064083, MEI-2-358827113129613 જેની કિ. રૂા. ૧,૦૬,૬૦૦/-, તથા (૮) ઓપો રેનો-૩ એન્ડ્રોઇડ મોબાઇલ મોડલ નં.CPH2035 MEI-1-866830044422239, MEI-2-866830044422221 જેની કિ. રૂા. ૩૨,૯૯૯/-, તથા (૯) ટાઇટન કંપનીની સિલ્વર કલરની હાથ ધડીયાળ મોડલ નં.NK9743KMO1, તથા ટાઇટન કંપનીની કાળા કલરની હાથ ધડીયાળ મોડલ નં. 1696NCO1 જેની કિ.રૂા.૨૭,૦૦૦/-, તથા (૧૦) એમ.આર.એફ.કંપનીના WANDERER લખેલ ફોર વ્હીલના જુના જેવા ટાયર્સ નંગ-૦૪ જેની કિ.રૂા.૫૦,૦૦૦/-, તથા (૧૧) રમકડા પીળા તથા કાળા કલરની ROBICUN લખેલ બાળકો માટેની બેટરીથી ચાલતી ફોર વ્હીલ નંગ-૧ તથા VDream લખેલ

મરૂન કલરની બાળકો માટેની બેટરીથી ચાલતી મોપેડ નંગ—૧ જેની કિ.રૂા.૨૨,૦૦૦/— મળીને કુલ રૂા.૫,૭૯,૯૯૦/— નો મુદામાલ આરોપી પાસેથી કબ્જે કરેલ, સદર આરોપીએ ગુન્હો કરેલ હોય જેથી ઉપરોકત બનાવ અંગેની હાલની ફરિયાદ, ફરિયાદીએ વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફસ્ટ ૦૮/૨૦૨૧ થી ઇ.પી.કો. જી.પી.એકટની કલમ—૧૨૪—મુજબની નોંધાવતા તે ફરિયાદની તપાસના આધારે તપાસ કરનાર અધિકારીએ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ આરોપી સામે પુરતો પુરાવો મળતા અત્રે કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

(૨) સદર ચાર્જશીટ રજુ થતા કોગ્નીઝન્સ લઇ આરોપી સામે સમન્સ ઇશ્યુ કરવામાં આવ્યા હતા જેની આરોપીને ધોરણસરની બજવણી થઇ હતી, જે અન્વયે આરોપીઓ તેમના વકીલશ્રી મારફતે અત્રે હાજર રહયા છે. આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા—૧૯૭૩ (સરળતા ખાતર "સંહિતા") ની કલમ—૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવી હતી. ગુન્હા અંગે કરવામાં આવેલી સજાની જોગવાઇઓ ધ્યાને લેતા હાલનો કેસ વોરંટ ટ્રાયેબલ કેસ હોય, “સંહિતા" ની કલમ—૨૪૦(૨) અન્વયે પ્રશ્નો પુછી આરોપીનું **આંક—૧૫** થી નિવેદન નોંધવામાં આવ્યુ છે. જે અન્વયે આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઇન્કાર કરી પોતે ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકિકત જણાવતા હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી વોરંટ ટ્રાયેબલ કેસ તરીકે શરૂ કરવામાં આવી હતી.

(૩) હાલના કેસમાં ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબ ના પુરાવાઓ ઉપર આધાર રખાયો છે.

(એ) **<u>મૌખિક પુરાવો :—</u>**

| **અનુ. નં.** | **વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચ—સાહેદ ગનીભાઇ નુરભાઇ સુમરાની જુબાની | ૧૯ |
| ૨. | પો.સાહેદ હર્ષદભાઇ ભગવાનભાઇ મુછાળની જુબાની | ૨૩ |
| ૩. | પંચસાહેદ વાહીદભાઇ અહમદભાઇ કરવતની જુબાની | ૩૧ |
| ૪. | પો.હે.કોન્સ. નટુભા ભાભલુભાઇ બસીયાની જુબાની | ૩૫ |
| ૫. | પો.હે.કોન્સ. સુનીલભાઇ માંડણભાઇ સોલંકીની જુબાની | ૩૯ |

| | | |
|---|---|---|
| ૬. | પો.હે.કોન્સ. મયુરભાઇ મેપાભાઇ વાજાની જુબાની | ૪૦ |
| ૭. | એ.એસ.આઇ. ગીરીશભાઇ મુળાભાઇ વાઢેરની જુબાની | ૪૨ |
| ૮. | પો.હે.કોન્સ. અરજણભાઇ મેસુરભાઇ ભાદરકાની જુબાની | ૪૫ |
| ૯. | એ.એસ.આઇ. વજુભાઇ ઉગાભાઇ ચાવડાની જુબાની | ૪૬ |
| ૧૦. | પો.હે.કોન્સ. પ્રવિણભાઇ ગોવીંદભાઇ વાળાની જુબાની | ૪૭ |
| ૧૧. | પો.હે.કોન્સ. મહેશભાઇ ગીનાભાઇ ડાભીની જુબાની | ૪૮ |
| ૧૨. | પો.કોન્સ. પ્રવિણભાઇ હમીરભાઇ બાંભણીયાની જુબાની | ૪૯ |

(બી) <u>દસ્તાવેજી પુરાવો :–</u>

| **અનુ. નં.** | **વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૧. | આરોપીને મુદામાલ સાથે અટક કર્યા અંગેનુ પંચનામુ | ૨૦ |
| ૨. | મુદામાલ મોબાઇલ કબ્જે કર્યા અંગેનુ પંચનામુ | ૨૪ |

(૪) ઉપરોકત પુરાવાઓ સીવાય ફરિયાદ પક્ષ તરફે અન્ય કોઇ પુરાવાઓ રજુ કરવામાં આવ્યા નથી. ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવેલ. ફરિયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલો પુરાવો ધ્યાને લેતા આરોપીઓ વિરુધ્ધ "સંહિતા"ની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં તેઓએ રજુ પુરાવાઓ તેમજ ફરિયાદ હકિકત નો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, આ કામે તેઓ નિર્દોષ છે, તેઓ ઉપર ખોટી રીતે ફરીયાદ કરેલ છે, તેઓએ કોઇ ગુન્હો કરેલ ન હોય તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ. તેઓને બચાવમાં સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી.

ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની તેમજ બચાવ પક્ષે વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવી છે.

(૫) હાલના કેસમાં પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેતા તેમજ પક્ષકારો તરફે કરવામાં આવેલ મૌખિક દલીલો ધ્યાને લેતા તેઓની સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

## -:: મુદ્દાઓ ::-

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી ભાવેશભાઇ વરજાંગભાઇ છાત્રોડિયા પાસેથી પંચનામાની વીગતે કબજે કરેલ હોય તે અંગે કોઈ આધાર પુરાવા રજુ નહી કરી કુલ રૂા.૫,૭૯,૯૯૦/- નો મુદામાલ પોતાના કબજામા રાખી આરોપીએ જી. પી. એ કટ કલમ-૧૨૪ મુજબનો સજાને પાત્ર ગુન્હાહિત કૃત્ય કર્યુ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે ?

મુદ્દા નં. ૧. નકારમાં,

મુદ્દા નં. ૨. આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના જવાબો માટેના કારણો નીચે મુજબ છે.

## -:: કારણો ::-

**મુદ્દા નં. ૧ :-**

(૮) હાલના કેસમાં આરોપીઓ વિરુધ્ધ જી.પી. એકટ કલમ-૧૨૪ અન્વયે સજાને પાત્ર ગુન્હાહિત કૃત્યના તહોમત અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવી છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપી સામેના ગુન્હાની હકિકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની હોય છે અને હાલના કેસમાં પણ આરોપીઓ સામેના આક્ષેપિત ગુન્હાની હકિકત સાબિત કરવાનો પુરાવાનો બોજ ફરિયાદ પક્ષ પર રહેલો છે.

(૯) ફરિયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનું ઉપરોકત કલમોના આવશ્યક તત્વોને ધ્યાને રાખી મુલ્યાંકન કરીએ તો આંક-૨૦ વાળા આરોપીને મુદામાલ સાથે અટક કર્યાના પંચનામાના પંચસાહેદ ગનીભાઇ નુરભાઇ સુમરાને આંક-૧૯ થી તેમજ ફરિયાદ પક્ષ તરફે આંક-૨૪ વાળા મુદામાલ કબ્જે કર્યાના પંચનામાના પંચસાહેદ વાહીદભાઇ અહમદભાઇ કરવતને આંક-૩૧ થી તપાસવામાં આવેલા છે. સદરહુ બન્ને

પંચ સાહેદોએ પંચનામાની હકિકતને સમર્થનકારી જુબાની આપેલ ન હોય ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. તેઓએ તેમની જુબાનીમાં પંચનામાને લગતી કોઇપણ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. જેથી આંક-૨૦ અને આંક-૨૪ વાળુ પંચનામુ સદર પંચ સાહેદોની જુબાનીથી પુરવાર થતુ નથી.

(૧૦) આ કામે ફરિયાદી હર્ષદભાઇ ભગવાનભાઇ મુછાળને આંક-૨૩ થી તપાસવામાં આવેલ છે. જેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ કે," ગઇ તા. ૭/૧/૨૧ ના રોજ તેઓ વેરાવળ સીટી પો.સ્ટે ખાતે ડી સ્ટાફ પીએસઆઇ તરીકે ફરજ બજાવતા હતા, તે સમયગાળા દરમીયાન કલાક ૯ વાગ્યાથી તેઓ તથા પો.સબ ઇન્સ. બી.એન. મોઢવાડીયા તથા પો.સ્ટાફ સાથે પોસ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમીયાન કલાક ૯:૩૦ વાગ્યે સાથેના હેડ કોન્સ. એન.બી.બસીયા, ડી.એમ.કુંભારવડીયા સંયુકત બાતમી રાહે હકીકત મળેલ કે વેરાવળ સીટી પો.સ્ટેના ગુના રજી.નંબર ૧૦૦૮ /૨૧ કલમ ઇ.પી.કો.-૪૦૬, ૪૨૦ મુજબના ગુનાના કામના આરોપી ભાવેશ વરજાગભાઇ છાત્રોડીયા રહે.છાત્રોડા વાડી વિસ્તાર વાળાએ વેરાવળ બસ સ્ટેશન પાસે ઉભેલા હોય તેવી હકીકત મળેલ. સાથેના પો.સબ.ઇન્સ બી.એન.મોઢવાડીયાએ તુરંત જ બે પંચો બોલાવી પંચોને સમજ કરી કલાક ૧૦:૦૦ વાગ્યે બાતમીવાળી જગ્યાએ આવતા ત્યા એક ઇસમ હાજર હોય જેઓને કોર્ડન કરી પંચો રૂબરૂ પોતાનુ નામ, ઠામ પુછતા પોતાનુ નામ ભાવેશભાઇ વરજાંગભાઇ છાત્રોડીયા જાતે આહીર ઉ.વ.૨૬, મુ. છાત્રોડા વાળા હોવાનુ જણાવેલ મજકુર ઇસમને ગુનાના કામે મુદામાલ બાબતે પુછપરછ કરતા પોતે મુદામાલ પોતાના ઘરે રાખેલ હોય જે પોતે સ્વખુશીથી રજુ કરેલ જેમા એમ.આઇ.સ્માર્ટ વોટર પ્યુરીફાઇ આર.ઓ. નંગ-૧ કીમત રૂા. ૧૪,૯૯૦/-, તથા એમ.આઇ. કંપનીનુ મોડેલ નંગ-૧ કીમત રૂા.૧૩૯૮/- તથા એમ.આઇ. કંપનીનુ પીડીઆઇ મોડેલ નંગ-૧ કિ.૧૦૯૯/- તથા એમઆઇ ફોર કે અલ્ટ્રા ટીવી ૪૩ ઇંચ મોડેલ નંગ-૧ કિમત રૂા.૨૮૯૯૯/- તથા ઇલેકટ્રીક બાઇક કીમત રૂા.૮૫૦૦/- તથા આઇફોન-૧૨ મોબાઇલ રૂા.૮૯૯૦૦/- સામાન રજુ કરેલ હોય જે વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના ગુના રજી.નંબર ૧૦૦૦૮ /૨૧ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦ મુજબના ગુનાનો મુદામાલ હોય જે ગુનાના કામે કબ્જે કરવામા આવેલ હોય

મજકુરની અંગ જડતી કરતા મજકુર પાસેથી એપલ કંપનીનુ આઇફોન ૬ વોડાફોન સીમ વાળુ કીમત રૂ.૫૦૦૦/– મળી આવતા ઉપરોકત ગુનના કામે કબ્જે કરવામા આવેલ. મજકુરની પુછપરછ કરતા પોતે છળકપટ થી અન્ય બીજી ચીજ વસ્તુ મેળવેલ હોય જે રજુ કરતા જેમા કોમ્પેકટ કંપનીનો મોનીટર–૧૯ મોનીટર નંગ–૧ તથા ડેલ કંપનીનો સીપીયુ નંગ–૧ તથા મર્કયુરી કંપનીનુ કીબોર્ડ નંગ–૧ તથા માઉસ નંગ–૧ કે જેની કુલ કીમત રૂ.૨૫૦૦૦/–, તથા એમસ્ટર કંપનીનુ જનરેટર એસી મોડેલ નંગ–૧ જેની કીમત રૂ.૫૪૯૯૦/– તથા એલ જી માઇક્રોવેવ ઓવન નંગ–૧ જેની કીમત રૂ.૧૨૯૯૦/– તથા એલજી ટીવી ૪૩ ઇંચ નંગ–૧ જેની કીમત રૂ.૪૯૯૯૦/– તથા વીવો વી૨૦ મોબાઇલ નંગ–૧ જેની કીમત રૂ.૩૦,૦૦૦/– કુલ મુદામાલ રૂ.૯૨૯૮૦/– તથા ગોલ્ડ સ્ટાર બેટરી નંગ–૨ મોડેલ નંબર–૧ કીમત રૂ.૩૧૨૦૦ /– મોડેલ નંબર–૨ ની કીમત રૂ.૧૦૧૫૦/– કુલ કિમત રૂ.૪૧૩૫૦/– તથા ઇન્ફાલ્કન કંપનીનુ ટીવી મોડેલ નંબર–૧ જેની કીમત રૂ.૫૮૯૯૦/–, વીવો વી૨૦ મોબાઇલ નંગ–૧ જેની કીમત રૂ.૨૫૦૦૦/– કુલ મુદામાલ રૂ.૮૩૯૯૦/–, સેમસંગ કંપનીનુ સ્માર્ટ ટીવી ૪૩ ઇંચ નંગ–૧ કીમત રૂ.૪૩૦૦૦/– તથા આઇફોન ૧૧ પ્રો મોડેલ નંગ–૧ કીમત રૂ.૧૦૬૬૦૦/– તથા ઓપો કંપની નો મોબાઇલ નંગ–૧ કીમત રૂ.૩૨૯૯૯/– તથા ટાઇટન કંપની સીલ્વર ઘડીયાલ નંગ–૧ કીમત રૂ.૭૦૨૮/– તથા ટાઇટન કંપનીની કાળા કલરની ઘડીયાળ કીમત રૂ.૧૯૯૭૩/– કુલ કીમત રૂ.૨૭૦૦૦/– તથા એમઆરએફ કંપનીના ફોરવ્હીલના જુના જેવા ટાયર નંગ–૪ જેની કીમત રૂ.૫૦,૦૦૦/– તથા રમકડા પીળા તથા કાળા કલર ના રોબીકન લખેલ બાળકો માટેની બેટરીથી ચાલતી ફોરવ્હીલ નંગ–૧ અને વી ડ્રીમ લખેલ મરૂન કલરની બાળકો માટેની બેટરી થી ચાલતી મોપેડ નંગ–૧ જેની કુલ કીમત રૂ.૨૨૦૦૦/– એમ કુલ તમામ મુદામાલની કુલ કીમત રૂ.૫,૭૯,૯૯૦/– નો મુદામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્ઝે કરી તે અંગેનુ વિગતવાર નુ પંચનામુ પીએસઆઇ બીએન મોઢવાડીયાએ કરેલ, કબ્જે કરેલ મુદામાલ ની નોંધ મુદામાલ પાવતીમા કરેલ, આરોપી/સામાવાળા વિરૂધ્ધ તેઓએ નામદાર કોર્ટમા ફરીયાદ નંબર ૫/૧૯ જીપીએકટ ૧૨૪ મુજબની ફરીયાદ આપેલ, તેઓને આંક–૧ વાળી અસલ ફરીયાદ બતાવવામા આવેલ જેમા નીચે તેઓની સહી ઓળખી બતાવેલ, બનાવ સમયે

તેઓની સાથે જે કુલ સાહેદો હતા તેના નિવેદનો તેઓએ તપાસના કામે લીધેલા, ત્યારબાદ તા.૨૫/૧/૨૦૨૧ ના રોજ આરોપી ભાવેશ વરજાંગ ભાઇ છાત્રોડીયા જે મોબાઇલ ફોન ભરતભાઇ રણમલભાઇ પરમાર રહે. વડોદરા–ડોડીયા વાળાએ તેઓની સમક્ષ રજુ કરતા તે અંગેનુ વિગતવારનુ પંચનામુ કલાક ૧૭:૦૦ થી ૧૭:૩૦ સુધી બે પંચો રૂબરૂ કરેલ, તેઓને અસલ પંચનામુ બતાવવામા આવેલ જે તેમના રૂબરૂનો છે જેમા નીચે તેઓની સહી ઓળખી બતાવેલ જે આંક–૨૪ થી રજુ કરેલ છે."

જયારે સદર સાહેદની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આ ગુન્હાના કામે ફરીયાદી અને તપાસ કરનાર અમલદાર તેઓ જ છે. આરોપીને પકડયા તે સમયગાળામા તેઓનો ફરજનો સમય ૨૪ કલાકનો હતો. તેઓ પેટ્રોલીંગમા ખાનગી વાહન અને સરકારી વાહનમા ટાવર ચોક ખાતેથી નીકળેલા. તેઓ કોઇપણ વાહન લઇ પેટ્રોલીંગમા નીકળે તો તે વાહનની લોગબુકમા એન્ટ્રી કરતા હોય છે. આવી કોઇ એન્ટ્રી આ કામે તેઓએ રજુ કરેલ નથી. આ ગુન્હાની બાતમી તેમને મળેલી નથી. પંચો કોણ હતા તેનો તેમને ખ્યાલ નથી. પંચોની અરસ પરસ અંગ જડતી પીએસઆઇ શ્રી બી.એન.મોઢવાડીયાએ કરેલી. સરતપાસમાં જે મુદામાલ જણાવ્યો તે મુદામાલ શ્રીમંત વ્યક્તિનુ ઘર હોય તો જરૂરીયાત વાળી વસ્તુઓ છે. આરોપીની અટક કરેલ ત્યારે તેઓને આરોપી સાથે વાતચીત કરવાનો કોઇ પ્રસંગ બનેલ નથી.

**(૧૧)** ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે નટુભા ભાભલુભાઇ બસીયા આંક–૩૫ થી પોતાની સોગંધ પરની જુબાનીમા જણાવે છે કે, "ગઇ તા. ૭/૧/ ૨૧ ના રોજ તેઓ વેરાવળ સીટી પો.સ્ટે ખાતે ડી સ્ટાફ પી.એસ. આઇ તરીકે ફરજ બજાવતા હતા તે સમયગાળા દરમીયાન કલાક ૯ વાગ્યાથી તેઓ તથા પો.સબ ઇન્સ. બી.એન.મોઢવાડીયા તથા પો.સ્ટાફ સાથે પોસ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમીયાન કલાક ૯:૩૦ વાગ્યે તેઓના તથા ડી.એમ.કુંભારવડીયા સંયુકત બાતમી રાહે હકીકત મળેલ કે વેરાવળ સીટી પો.સ્ટેના ગુના રજી. નંબર ૧૦૦૮/૨૧ કલમ ઇપીકો ૪૦૬, ૪૨૦ મુજબના ગુના ના કામના આરોપી ભાવેશ વરજાગભાઇ છાત્રોડીયા રહે.છાત્રોડા વાડી વિસ્તાર વાળાએ વેરાવળ બસ સ્ટેશન પાસે ઉભેલા હોય તેવી હકીકત મળેલ. સાથેના પો.સબ.ઇન્સ બી.એન.મોઢવાડીયાએ તુરંત જ બે પંચો બોલાવી પંચો

ને સમજ કરી કલાક ૧૦:૦૦ વાગ્યે બાતમીવાળી જગ્યાએ આવતા ત્યા એક ઇસમ હાજર હોય જેઓને કોર્ડન કરી પંચો રૂબરૂ પોતાનુ નામ, ઠામ પુછતા પોતાનુ નામ ભાવેશભાઇ વરજાંગભાઇ છાત્રોડીયા જાતે આહીર ઉ.વ.૨૬, મુ.છાત્રોડા વાળા હોવાનુ જણાવેલ મજકુર ઇસમને ગુનાના કામે મુદામાલ બાબતે પુછપરછ કરતા પોતે મુદામાલ પોતાના ઘરે રાખેલ હોય જે પોતે સ્વખુશી થી રજુ કરેલ, જેમા એમ.આઇ.સ્માર્ટ વોટર પ્યુરીફાઇ આર.ઓ. નંગ–૧ કીમત રૂા. ૧૪,૯૯૦/–, તથા એમ.આઇ. કંપનીનુ મોડેલ નંગ–૧ કીમત રૂા.૧૩૯૮/– તથા એમ.આઇ. કંપનીનુ પીડીઆઇ મોડેલ નંગ–૧ કિ.૧૦૯૯ /– તથા એમઆઇ ફોર કે અલ્ટ્રા ટીવી ૪૩ ઇંચ મોડેલ નંગ–૧ કિમત રૂા.૨૮૯૯૯/– તથા ઇલેકટ્રીક બાઇક કીમત રૂા.૮૫૦૦ /– તથા આઇફોન–૧૨ મોબાઇલ રૂા.૮૯૯૦૦/– સામાન રજુ કરેલ હોય જે વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના ગુના રજી.નંબર ૧૦૦૦૮/૨૧ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦ મુજબ ના ગુનાનો મુદામાલ હોય જે ગુના ના કામે કબ્જે કરવામા આવેલ હોય મજકુર ની અંગ જડતી કરતા મજકુર પાસેથી એપલ કંપનીનુ આઇફોન ૬ વોડાફોન સીમ વાળુ કીમત રૂા.૫૦૦૦/– મળી આવતા ઉપરોકત ગુનના કામે કબ્જે કરવામા આવેલ. મજકુર ની પુછપરછ કરતા પોતે છળકપટથી અન્ય બીજી ચીજ વસ્તુ મેળવેલ હોય જે રજુ કરતા જેમા કોમ્પેકટ કંપનીનો મોનીટર–૧૯ મોનીટર નંગ–૧ તથા  ડેલ કંપનીનો સીપીયુ નંગ–૧ તથા મર્કયુરી કંપનીનુ કીબોર્ડ નંગ–૧ તથા માઉસ નંગ–૧ કે જેની કુલ કીમત  રૂા.૨૫૦૦૦/–, તથા એમસ્ટર કંપનીનુ જનરેટર એસી મોડેલ નંગ–૧ જેની કીમત રૂા.૫૪૯૯૦/– તથા એલ જી માઇક્રોવેવ ઓવન નંગ–૧ જેની કીમત રૂા.૧૨૯૯૦/– તથા એલજી ટીવી ૪૩ ઇંચ નંગ–૧ જેની કીમત રૂા.૪૯૯૯૦/– તથા વીવો વી૨૦ મોબાઇલ નંગ–૧ જેની કીમત રૂા.૩૦,૦૦૦/–  કુલ મુદામાલ રૂા.૯૨૯૮૦/– તથા ગોલ્ડ સ્ટાર બેટરી નંગ–૨ મોડેલ નંબર–૧ કીમત રૂા.૩૧૨૦૦/– મોડેલ નંબર–૨ ની કીમત રૂા.૧૦૧૫૦ /– કુલ કિમત રૂા.૪૧૩૫૦/– તથા ઇન્ફાલ્કન કંપનીનુ ટીવી મોડેલ નંબર–૧ જેની કીમત રૂા.૫૮૯૯૦/–, વીવો વી૨૦ મોબાઇલ નંગ–૧ જેની કીમત રૂા.૨૫૦૦૦/– કુલ મુદામાલ રૂા.૮૩૯૯૦/– સેમસંગ કંપનીનુ સ્માર્ટ ટીવી ૪૩ ઇંચ નંગ–૧ કીમત રૂા.૪૩૦૦૦/– તથા આઇફોન ૧૧ પ્રો મોડેલ નંગ–૧ કીમત રૂા.૧૦૬૬૦૦/– તથા ઓપો કંપની નો મોબાઇલ નંગ–૧ કીમત રૂા.૩૨૯૯૯/– તથા ટાઇટન કંપની સીલ્વર

ઘડીયાલ નંગ–૧ કીમત રૂા.૭૦૨૮/– તથા ટાઇટન કંપનીની કાળા કલર ની ઘડીયાળ કીમત રૂા.૧૯૯૭૩/– કુલ કીમત રૂા.૨૭૦૦૦/– તથા એમઆરએફ કંપનીના ફોરવ્હીલના જુના જેવા ટાયર નંગ–૪ જેની કીમત રૂા.૫૦,૦૦૦/– તથા રમકડા પીળા તથા કાળા કલરના રોબીકન લખેલ બાળકો માટેની બેટરીથી ચાલતી ફોરવ્હીલ નંગ–૧ અને વી ડ્રીમ લખેલ મરૂન કલરની બાળકો માટેની બેટરીથી ચાલતી મોપેડ નંગ–૧ જેની કુલ કીમત રૂા.૨૨૦૦૦/– એમ કુલ તમામ મુદામાલ ની કુલ કીમત રૂા.૫,૭૯,૯૯૦/– નો મુદામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી તે અંગેનુ વિગતવાર નુ પંચનામુ પીએસઆઇ બીએન મોઢવાડીયાએ કરેલ, કબ્જે કરેલ મુદામાલની નોંધ મુદામાલ પાવતીમા કરેલ, આરોપી/સામાવાળા વિરૂધ્ધ તેઓએ નામદાર કોર્ટમા ફરીયાદ નંબર ૫/૧૯ જીપીએકટ ૧૨૪ મુજબની ફરીયાદ આપેલ, તેઓને આંક–૧ વાળી અસલ ફરીયાદ બતાવાવમા આવે છે જેમા નીચે તેઓની સહી છે, બનાવ સમયે તેઓની સાથે જે કુલ સાહેદો હતા તેના નિવેદનો તેઓએ તપાસના કામે લીધેલા, ત્યારબાદ તા.૨૫/૧/૨૦૨૧ ના રોજ આરોપી ભાવેશ વરજાંગભાઇ છાત્રોડીયા જે મોબાઇલ ફોન ભરતભાઇ રણમલભાઇ પરમાર રહે. વડોદરા–ડોડીયા વાળાએ તેઓની સમક્ષ રજુ કરતા તે અંગેનુ વિગતવારનુ પંચનામુ કલાક ૧૭:૦૦ થી ૧૭:૩૦ સુધી બે પંચો રૂબરૂ કરેલ, આ સમગ્ર કામગીરી દરમિયાન પી.એસ.આઇ. બી.એન.મોઢવાડીયા સાહેબ તથા એચ.બી.મુછાળ સાહેબ સાથે હતા, આરોપીને જોયેથી ઓળખે છે."

જયારે સદર સાહેદની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આ નીવેદનમાં પંચોના નામ જણાવેલા નથી. આ કામે કબ્જે કરેલ ઇલેકટ્રીક મુદામાલ બધાના ધરમાં હોય છે.

**(૧૨)** ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે સુનીલભાઇ માંડણભાઇ સોલંકી **આંક–૩૯** થી તેમજ સાહેદ મયુરભાઇ મેપાભાઇ વાજા **આંક–૪૦** થી તેમજ સાહેદ ગીરીશભાઇ મુળાભાઇ વાઢેરને **આંક–૪૨** થી તેમજ સાહેદ અરજણભાઇ મેસુરભાઇ ભાદરકાને **આંક–૪૫** થી તેમજ સાહેદ વજુભાઇ ઉગાભાઇ ચાવડાને **આંક–૪૬** થી તેમજ સાહેદ પ્રવીણભાઇ ગોવીંદભાઇ વાળાને **આંક–૪૭** થી સોગંધ પરની જુબાનીમા જણાવે છે કે, ગઇ તા. ૭/૧/ ૨૧ ના રોજ તેઓ વેરાવળ સીટી પો.સ્ટે ખાતે ડી સ્ટાફ પી.એસ. આઇ તરીકે ફરજ બજાવતા હતા તે સમયગાળા દરમીયાન કલાક ૯ વાગ્યાથી તેઓ તથા

પો.સબ ઈન્સ. બી.એન.મોઢવાડીયા તથા પો.સ્ટાફ સાથે પોસ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમીયાન કલાક ૯:૩૦ વાગ્યે તેઓના તથા સંયુકત બાતમી રાહે હકીકત મળેલ કે વેરાવળ સીટી પો.સ્ટેના ગુના રજી. નંબર ૧૦૦૮/૨૧ કલમ ઈપીકો ૪૦૬, ૪૨૦ મુજબ ના ગુના ના કામના આરોપી ભાવેશ વરજાગભાઈ છાત્રોડીયા રહે.છાત્રોડા વાડી વિસ્તાર વાળાએ વેરાવળ બસ સ્ટેશન પાસે ઉભેલા હોય તેવી હકીકત મળેલ. સાથેના પો.સબ.ઈન્સ બી.એન.મોઢવાડીયાએ તુરંત જ બે પંચો બોલાવી પંચો ને સમજ કરી કલાક ૧૦:૦૦ વાગ્યે બાતમીવાળી જગ્યાએ આવતા ત્યા એક ઇસમ હાજર હોય જેઓને કોર્ડન કરી પંચો રૂબરૂ પોતાનુ નામ, ઠામ પુછતા પોતાનુ નામ ભાવેશભાઈ વરજાંગભાઈ છાત્રોડીયા જાતે આહીર ઉ.વ.૨૬, મુ.છાત્રોડા વાળા હોવાનુ જણાવેલ મજકુર ઇસમને ગુનાના કામે મુદામાલ બાબતે પુછપરછ કરતા પોતે મુદામાલ પોતાના ઘરે રાખેલ હોય જે પોતે સ્વખુશી થી રજુ કરેલ.જેમા એમ.આઇ.સ્માર્ટ વોટર પ્યુરીફાઇ આર.ઓ. નંગ-૧ કીમત રૂ. ૧૪,૯૯૦/-, તથા એમ.આઇ. કંપનીનુ મોડેલ નંગ-૧ કીમત રૂ.૧૩૯૮/- તથા એમ.આઇ. કંપનીનુ પીડીઆઇ મોડેલ નંગ-૧ કિ.૧૦૯૯ /- તથા એમઆઇ ફોર કે અલ્ટ્રા ટીવી ૪૩ ઇંચ મોડેલ નંગ-૧ કિમત રૂ.૨૮૯૯૯/- તથા ઇલેકટ્રીક બાઇક કીમત રૂ.૮૫૦૦ /- તથા આઇફોન-૧૨ મોબાઇલ રૂ.૮૯૯૦૦/- સામાન રજુ કરેલ હોય જે વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના ગુના રજી.નંબર ૧૦૦૦૮/૨૧ ઈપીકો કલમ ૪૦૬,૪૨૦ મુજબ ના ગુનાનો મુદામાલ હોય જે ગુના ના કામે કબ્જે કરવામા આવેલ હોય મજકુર ની અંગ જડતી કરતા મજકુર પાસેથી એપલ કંપનીનુ આઇફોન ૬ વોડાફોન સીમ વાળુ કીમત રૂ.૫૦૦૦/- મળી આવતા ઉપરોકત ગુનના કામે કબ્જે કરવામા આવેલ. મજકુર ની પુછપરછ કરતા પોતે છળકપટથી અન્ય બીજી ચીજ વસ્તુ મેળવેલ હોય જે રજુ કરતા જેમા કોમ્પેકટ કંપનીનો મોનીટર-૧૯ મોનીટર નંગ-૧ તથા ડેલ કંપનીનો સીપીયુ નંગ-૧ તથા મર્કયુરી કંપનીનુ કીબોર્ડ નંગ-૧ તથા માઉસ નંગ-૧ કે જેની કુલ કીમત રૂ.૨૫૦૦૦/-, તથા એમસ્ટર કંપનીનુ જનરેટર એસી મોડેલ નંગ-૧ જેની કીમત રૂ.૫૪૯૯૦/- તથા એલ જી માઇક્રોવેવ ઓવન નંગ-૧ જેની કીમત રૂ.૧૨૯૯૦/- તથા એલજી ટીવી ૪૩ ઇંચ નંગ-૧ જેની કીમત રૂ.૪૯૯૯૦/- તથા વીવો વી૨૦ મોબાઇલ નંગ-૧ જેની કીમત રૂ.૩૦,૦૦૦/- કુલ મુદામાલ રૂ.૯૨૯૮૦/- તથા ગોલ્ડ સ્ટાર બેટરી નંગ-૨

મોડેલ નંબર–૧ કીમત રૂ.૩૧૨૦૦/– મોડેલ નંબર–૨ ની કીમત રૂ.૧૦૧૫૦ /– કુલ કિમત રૂ.૪૧૩૫૦/– તથા ઈન્ફાલ્કન કંપનીનુ ટીવી મોડેલ નંબર–૧ જેની કીમત રૂ.૫૮૯૯૦/–, વીવો વી૨૦ મોબાઈલ નંગ–૧ જેની કીમત રૂ.૨૫૦૦૦/– કુલ મુદામાલ રૂ.૮૩૯૯૦/– સેમસંગ કંપનીનુ સ્માર્ટ ટીવી ૪૩ ઇંચ નંગ–૧ કીમત રૂ.૪૩૦૦૦/– તથા આઈફોન ૧૧ પ્રો મોડેલ નંગ–૧ કીમત રૂ.૧૦૬૬૦૦/– તથા ઓપો કંપની નો મોબાઈલ નંગ–૧ કીમત રૂ.૩૨૯૯૯/– તથા ટાઈટન કંપની સીલ્વર ઘડીયાલ નંગ–૧ કીમત રૂ.૭૦૨૮/– તથા ટાઈટન કંપનીની કાળા કલર ની ઘડીયાળ કીમત રૂ.૧૯૯૭૩/– કુલ કીમત રૂ.૨૭૦૦૦/– તથા એમઆરએફ કંપનીના ફોરવ્હીલના જુના જેવા ટાયર નંગ–૪ જેની કીમત રૂ.૫૦,૦૦૦/– તથા રમકડા પીળા તથા કાળા કલરના રોબીકન લખેલ બાળકો માટેની બેટરીથી ચાલતી ફોરવ્હીલ નંગ–૧ અને વી ડ્રીમ લખેલ મરૂન કલરની બાળકો માટેની બેટરીથી ચાલતી મોપેડ નંગ–૧ જેની કુલ કીમત રૂ.૨૨૦૦૦/– એમ કુલ તમામ મુદામાલની કુલ કીમત રૂ.૫,૭૯,૯૯૦/– નો મુદામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી તે અંગેનુ વિગતવાર નુ પંચનામુ પીએસઆઈ બીએન મોઢવાડીયાએ કરેલ, કબ્જે કરેલ મુદામાલની નોંધ મુદામાલ પાવતીમા કરેલ, આરોપી/સામાવાળા વિરૂધ્ધ તેઓએ નામદાર કોર્ટમા ફરીયાદ નંબર ૫/૧૯ જીપીએકટ ૧૨૪ મુજબની ફરીયાદ આપેલ, તેઓને આંક–૧ વાળી અસલ ફરીયાદ બતાવાવમા આવે છે જેમા નીચે તેઓની સહી છે, બનાવ સમયે તેઓની સાથે જે કુલ સાહેદો હતા તેના નિવેદનો તેઓએ તપાસના કામે લીધેલા, ત્યારબાદ તા.૨૫/૧/૨૦૨૧ ના રોજ આરોપી ભાવેશ વરજાંગભાઈ છાત્રોડીયા જે મોબાઈલ ફોન ભરતભાઈ રણમલભાઈ પરમાર રહે. વડોદરા–ડોડીયા વાળાએ તેઓની સમક્ષ રજુ કરતા તે અંગેનુ વિગતવારનુ પંચનામુ કલાક ૧૭:૦૦ થી ૧૭:૩૦ સુધી બે પંચો રૂબરૂ કરેલ, આ સમગ્ર કામગીરી દરમિયાન પી.એસ.આઈ. બી.એન.મોઢવાડીયા સાહેબ તથા એચ.બી.મુછાળ સાહેબ સાથે હતા, આરોપીને જોયેથી ઓળખે છે."

જયારે સદર સાહેદની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આ નીવેદનમાં પંચોના નામ જણાવેલા નથી. આ કામે કબ્જે કરેલ ઈલેકટ્રીક મુદામાલ બધાના ધરમાં હોય છે.

**(૧૩)** ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફેસાહેદ મહેશભાઈ ગીનાભાઈ ડાભી **આંક–૪૮** થી

તેમજ સાહેદ પ્રવીણભાઇ હમીરભાઇ બાંભણીયાને **આંક–૪૯** થી પોતાની સોગંધ પરની જુબાનીમા જણાવે છે કે, ગઇ તા. ૭/૧/ ૨૧ ના રોજ તેઓ વેરાવળ સીટી પો.સ્ટે ખાતે ડી સ્ટાફ પી.એસ. આઇ તરીકે ફરજ બજાવતા હતા તે સમયગાળા દરમીયાન કલાક ૯ વાગ્યાથી તેઓ તથા પો.સબ ઇન્સ. બી.એન.મોઢવાડીયા તથા પો.સ્ટાફ સાથે પોસ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમીયાન કલાક ૯:૩૦ વાગ્યે તેઓના તથા સંયુકત બાતમી રાહે હકીકત મળેલ કે વેરાવળ સીટી પો.સ્ટેના ગુના રજી. નંબર ૧૦૦૮/૨૧ કલમ ઈપીકો ૪૦૬, ૪૨૦ મુજબ ના ગુના ના કામના આરોપી ભાવેશ વરજાગભાઇ છાત્રોડીયા રહે.છાત્રોડા વાડી વિસ્તાર વાળાએ વેરાવળ બસ સ્ટેશન પાસે ઉભેલા હોય તેવી હકીકત મળેલ. સાથેના પો.સબ.ઇન્સ બી.એન.મોઢવાડીયાએ તુરંત જ બે પંચો બોલાવી પંચો ને સમજ કરી કલાક ૧૦:૦૦ વાગ્યે બાતમીવાળી જગ્યાએ આવતા ત્યા એક ઇસમ હાજર હોય જેઓને કોર્ડન કરી પંચો રૂબરૂ પોતાનુ નામ, ઠામ પુછતા પોતાનુ નામ ભાવેશભાઇ વરજાંગભાઇ છાત્રોડીયા જાતે આહીર ઉ.વ.૨૬, મુ.છાત્રોડા વાળા હોવાનુ જણાવેલ મજકુર ઇસમને ગુનાના કામે મુદામાલ બાબતે પુછપરછ કરતા પોતે મુદામાલ પોતાના ઘરે રાખેલ હોય જે પોતે સ્વખુશી થી રજુ કરેલ, જેમા એમ.આઇ.સ્માર્ટ વોટર પ્યુરીફાઇ આર.ઓ. નંગ–૧ કીમત રૂા. ૧૪,૯૯૦/–, તથા એમ.આઇ. કંપનીનુ મોડેલ નંગ–૧ કીમત રૂા.૧૩૯૮/– તથા એમ.આઇ. કંપનીનુ પીડીઆઇ મોડેલ નંગ–૧ કિ.૧૦૯૯ /– તથા એમઆઇ ફોર કે અલ્ટ્રા ટીવી ૪૩ ઇંચ મોડેલ નંગ–૧ કિમત રૂા.૨૮૯૯૯/– તથા ઇલેકટ્રીક બાઇક કીમત રૂા.૮૫૦૦ /– તથા આઇફોન–૧૨ મોબાઇલ રૂા.૮૯૯૦૦/– સામાન રજુ કરેલ હોય જે વેરાવળ સીટી પોલીસ સ્ટેશનના ગુના રજી.નંબર ૧૦૦૦૮/૨૧ ઇપીકો કલમ ૪૦૬,૪૨૦ મુજબ ના ગુનાનો મુદામાલ હોય જે ગુના ના કામે કબ્જે કરવામા આવેલ હોય મજકુર ની અંગ જડતી કરતા મજકુર પાસેથી એપલ કંપનીનુ આઇફોન ૬ વોડાફોન સીમ વાળુ કીમત રૂા.૫૦૦૦/– મળી આવતા ઉપરોકત ગુનના કામે કબ્જે કરવામા આવેલ. મજકુર ની પુછપરછ કરતા પોતે છળકપટથી અન્ય બીજી ચીજ વસ્તુ મેળવેલ હોય જે રજુ કરતા જેમા કોમ્પેકટ કંપનીનો મોનીટર–૧૯ મોનીટર નંગ–૧ તથા ડેલ કંપનીનો સીપીયુ નંગ–૧ તથા મર્કયુરી કંપનીનુ કીબોર્ડ નંગ–૧ તથા માઉસ નંગ–૧ કે જેની કુલ કીમત રૂા.૨૫૦૦૦/–, તથા એમસ્ટર કંપનીનુ જનરેટર એસી મોડેલ નંગ–૧ જેની કીમત રૂા.૫૪૯૯૦/– તથા

એલ જી માઇક્રોવેવ ઓવન નંગ–૧ જેની કીમત રૂા.૧૨૯૯૦/– તથા એલજી ટીવી ૪૩ ઇંચ નંગ–૧ જેની કીમત રૂા.૪૯૯૯૦/– તથા વીવો વી૨૦ મોબાઇલ નંગ–૧ જેની કીમત રૂા.૩૦,૦૦૦/– કુલ મુદામાલ રૂા.૯૨૯૮૦/– તથા ગોલ્ડ સ્ટાર બેટરી નંગ–૨ મોડેલ નંબર–૧ કીમત રૂા.૩૧૨૦૦/– મોડેલ નંબર–૨ ની કીમત રૂા.૧૦૧૫૦ /– કુલ કિમત રૂા.૪૧૩૫૦/– તથા ઇન્ફાલ્કન કંપનીનુ ટીવી મોડેલ નંબર–૧ જેની કીમત રૂા.૫૮૯૯૦/–, વીવો વી૨૦ મોબાઇલ નંગ–૧ જેની કીમત રૂા.૨૫૦૦૦/– કુલ મુદામાલ રૂા.૮૩૯૯૦/– સેમસંગ કંપનીનુ સ્માર્ટ ટીવી ૪૩ ઇંચ નંગ–૧ કીમત રૂા.૪૩૦૦૦/– તથા આઇફોન ૧૧ પ્રો મોડેલ નંગ–૧ કીમત રૂા.૧૦૬૬૦૦/– તથા ઓપો કંપની નો મોબાઇલ નંગ–૧ કીમત રૂા.૩૨૯૯૯/– તથા ટાઇટન કંપની સીલ્વર ઘડીયાલ નંગ–૧ કીમત રૂા.૭૦૨૮/– તથા ટાઇટન કંપનીની કાળા કલર ની ઘડીયાળ કીમત રૂા.૧૯૯૭૩/– કુલ કીમત રૂા.૨૭૦૦૦/– તથા એમઆરએફ કંપનીના ફોરવ્હીલના જુના જેવા ટાયર નંગ–૪ જેની કીમત રૂા.૫૦,૦૦૦/– તથા રમકડા પીળા તથા કાળા કલરના રોબીકન લખેલ બાળકો માટેની બેટરીથી ચાલતી ફોરવ્હીલ નંગ–૧ અને વી ડ્રીમ લખેલ મરૂન કલરની બાળકો માટેની બેટરીથી ચાલતી મોપેડ નંગ–૧ જેની કુલ કીમત રૂા.૨૨૦૦૦/– એમ કુલ તમામ મુદામાલની કુલ કીમત રૂા.૫,૭૯,૯૯૦/– નો મુદામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી તે અંગેનુ વિગતવાર નુ પંચનામુ પીએસઆઇ બીએન મોઢવાડીયાએ કરેલ, કબ્જે કરેલ મુદામાલની નોંધ મુદામાલ પાવતીમા કરેલ, આરોપી/સામાવાળા વિરૂધ્ધ તેઓએ નામદાર કોર્ટમા ફરીયાદ નંબર ૫/૧૯ જીપીએકટ ૧૨૪ મુજબની ફરીયાદ આપેલ, તેઓને આંક–૧ વાળી અસલ ફરીયાદ બતાવાવમા આવે છે જેમા નીચે તેઓની સહી છે, બનાવ સમયે તેઓની સાથે જે કુલ સાહેદો હતા તેના નિવેદનો તેઓએ તપાસના કામે લીધેલા, ત્યારબાદ તા.૨૫/૧/૨૦૨૧ ના રોજ આરોપી ભાવેશ વરજાંગભાઇ છાત્રોડીયા જે મોબાઇલ ફોન ભરતભાઇ રણમલભાઇ પરમાર રહે. વડોદરા–ડોડીયા વાળાએ તેઓની સમક્ષ રજુ કરતા તે અંગેનુ વિગતવારનુ પંચનામુ કલાક ૧૭:૦૦ થી ૧૭:૩૦ સુધી બે પંચો રૂબરૂ કરેલ, આ સમગ્ર કામગીરી દરમિયાન પી.એસ.આઇ. બી.એન.મોઢવાડીયા સાહેબ તથા એચ.બી.મુછાળ સાહેબ સાથે હતા, આરોપીને જોયેથી ઓળખે છે."

જયારે સદર સાહેદની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આ નીવેદનમાં પંચોના નામ જણાવેલા નથી. આ કામે કબ્જે કરેલ ઈલેકટ્રીક મુદામાલ બધાના ધરમાં હોય છે.

**(૧૪)** ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ રાખેલ ફરીયાદી તથા સાહેદોના મૌખીક પુરાવો ધ્યાને લેતા આ કામના આરોપીએ પાસેથી ફરીયાદ હકીકતમા જણાવ્યા મુજબ ઈલેકટ્રીકટ ચીજ વસ્તુ પંચનામાની વીગતે કબજે કરવામા આવેલ છે અને જે મુદામાલના આધાર પુરાવા માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ છે. આમ, સદરહુ મુદામાલ છટ કપટથી મેળવેલ હોવાનુ જણાય આવતા આરોપી વિરૂધ્ધ હાલની ફરીયાદ આપેલ છે. ફરીયાદ પક્ષે તપાસેલ તમામા સાહેદોના ફરીયાદ હકીકતના સમર્થન કરતા જુબાની રજુ રાખેલ છે. અત્રે એ હકીકત નોંધવી જરૂરી છે કે ફરીયાદ પક્ષે તપાસેલ તમામા સાહેદો પોલીસ સાહેદો છે અને ફરીયાદની એક સરખું હીત ધરાવનાર મહત્વના સાહેદ જે તે સંજોગોમાં તેઓ ફરીયાદ હકીકતને સમર્થન કરતા પુરાવો રજુ રાખેલ છે. પંરતુ પોલીસ સાહેદના પુરાવા અને તેમની કાર્યવાહી દરમ્યાન બે સ્વતંત્ર પંચોની રૂબરૂમા સદર મુદામાલ કબજે કરેલ છે ત્યારે પંચ સાહેદના પુરાવાથી પંચનામાની હકીકત પુરવાર થવી જરૂરી છે. આ કામે આંક–૨૦ થી આરોપી પાસેથી શંકમદ ચીજવસ્તુ કબજે કરવામા આવેલ છે તે અંગેનું પંચનામુ રજુ કરવામાં આવેલ છે. જે પંચનામાના બનેં પંચ સાહેદો આંક–૧૯ અને ૩૧ ના મૌખીક પુરાવામા ફરીયાદપક્ષ ના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, આંક–૧૯ થી રજુ થયેલ પંચનામા મુજબ મુદામાલ આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ હોય તેવુ મહત્વનુ પંચનામું રેકર્ડ પર પુરવાર થયેલ નથી.

**(૧૫)** આ કામે ફરીયાદી અને તપાસ કરનાર અમલદાર બંને એક જ વ્યકતી છે તે સંજોગોમાં તેઓ ફરીયાદ સાબીત થાય તેમા રસ ધરાવનાર મહત્વના સાક્ષી છે.તે સંજોગોમાં ફરીયાદીના પુરાવાને જયા સુધી તટસ્થ સાહેદોના પુરાવાથી સમર્થન ના મળે ત્યા સુધી આરોપી વિરૂધ્ધના કેસમા સાચી અને તટસ્થ તપાસ થઇ હોય તેવુ માની શકાય નહી. આ કામે બનાવવાળી જગ્યાએ સ્વંતત્ર સાહેદ ઉપલ્બધ હોવાછતા તેવા કોઇ સાહેદોના નીવેદન નોંધવામા આવેલ નથી. આ કામે સ્વતંત્ર એવા પંચસાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલ છે. અને સદર ફરીયાદ હકીકત મુજબ હાલના આરોપી પાસેથી પંચનામા

મુજબનો મુદામાલ તેમની હાજરીમા કાર્યવાહી કરસ કબજે કરવામા આવેલ છે તેવુ આંક−૧૯ ના પંચનામાની વીગતે સમર્થન આપવામા આવેલ નથી. આવા સંજોગોમાં બનાવની વિશ્વનીયતા શંકાસ્પદ બની જાય છે. જયારે આ કામના અતી મહત્વના સાહેદ નો પુરાવો ફરીયાદપક્ષના કેસથી વીપરીત જણાતો ઓય ત્યારે અન્ય માત્ર પોલીસ સાહેદ કે જેઓ આ કામે રસ ધરાવનાર મહત્વના સાહેદ છે અને તેમો ખુદ ફરીયાદી અતે તપાસ કરનાર અમલદાર એક જ વ્યકતી છે ત્યારે માત્ર તેમનો પુરાવો નબળો અને અર્થહીન સાબીત થાય છે. ફોજદારી કેસની કાર્યપધ્ધતીમા આરોપી કશુ પુરવાર કરવાનુ હોતુ નથી. નીયમ મુજબ આરોપી ઉપર આક્ષેપીત ગુન્હો નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ની છે. ફરીયાદ પક્ષ દવારા આરોપી વિરૂધ્ધ સ્પષ્ટ અને શંકારહીત પુરાવા રજુ રાખી પોતાનો કેસ પુરવાર કરવાનો હોય છે. ફરીયાદ પક્ષ રજુ રાખેલ પોલીસ સાહેદના પુરાવાને સ્વતંત્ર પંચસાહેદના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ના હોય તેવા સંજોગોમાં એક વ્યાજબી શંકા ઉત્પન્ન થતી હોય અને આવી શંકાનુ નીરાકરણ કરતો ચોકકસ,સ્પષ્ટ અને સચોટ પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ ના હોય ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આવી શંકાનો લાભ આરોપીને આપવો જોઇએ. તે સંજોગોમાં આરોપી સામેનો કેસ નિં:શંકપણે પુરવાર થતો ના હોય મુદા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી ન્યાયના વિશાળ હિતમાં મુદા નં. ૨ નો જવાબ નીચે મુજબ આપવામાં આવે છે.

**−:: હુકમ ::−**

(૧) આ કામના આરોપી ભાવેશભાઇ વરજાંગભાઇ છાત્રોડીયા,ઉ.વ.આ.૨૬, રહે. છાત્રોડા,વાડી વિસ્તાર, ટીંબાવાડી સીમ, તા.વેરાવળ, જી. ગીર સોમનાથ. જી.પી. એકટની કલમ−૧૨૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના આરોપમાંથી ક્રિ.પ્રો.કોડની કલમ−૨૪૮(૧) હેઠળ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ−૪૩૭(એ) મુજબ જામીન આપવા અન્યથા આરોપીઓએ આપેલ અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ

કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ વાહન અંગે જો કોઈ વચગાળાના તબકકે હુકમ કરવામાં આવેલ હોય તો એ આથી કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે. અન્યથા ઈન્કવાયરી કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. અન્ય મુદામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૮, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વેરાવળ.
તારીખ :૨૮/૦૭/૨૦૨૬

**(જયશ્રી દિપકકુમાર અમીન)**
એડીશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
વેરાવળ.
(કોડ નં. જીજે૦૦૯૦૫)